શિયાળાની મોસમ જામી છે. વહેલી સવારે વાતાવરણમાં ખુબ ઠંડક જામે છે. આવા ઠંડકભર્યા માહોલમાં જોગીંગ અને વોકીંગ માટે નીકળનારા યુવક-યુવતીઓની સંખ્યા સવિશેષ છે. ટ્રેક પેન્ટમાં સજ્જ યુવક-યુવતીઓ અને મોટેરાઓ વોકીંગ અને જોગીંગમાં નીકળે છે ત્યારે મનોહર દૃશ્ય સર્જાય છે. કોરોના કાળ બાદ સ્વાસ્થ્યની કાળજી રાખનારાઓની સંખ્યા વધતી જઈ રહી છે. તે આ દૃશ્ય પરથી જોઈ શકાય છે.

# આજે સે.૬માં સત્યાગ્રહ છાવણી ખાતે માલધારીઓનું ઉપવાસ આંદોલન

## ગાંધીનગર સહિત રાજ્યના વિવિધ શહેરોમાં રખડતી ગાયો અંગે દંડ વધારવા તેમજ માલધારીઓ પર કેસોના વિરોધમાં આંદોલન : ગૌચર પાછા આપવા અને એનિમલ હોસ્ટેલ સહિતની સુવિધા આપવા માંગ કરાશે

રાજ્યના ગાંધીનગર અને અમદાવાદ સહિત મહાનગરોમાં રખડતી ગાયો અંગે મહાનગરપાલિકા દ્વારા દંડની રકમ વધારવાની જોગવાઈ કરવાની તજવીજ હાથ ધરવામાં આવી છે. બીજી તરફ ગાયો સહિતના માલઢોર રાખનારા પશુપાલકો અને માલધારી સમાજમાં સરકાર દ્વારા અન્ય કોઈ વૈકલ્પિક વ્યવસ્થા આપ્યા સિવાય કસવામા આવી રહેલા સકંજા સામે રોષની લાગણી પ્રવર્તવા પામી છે જેને અનુલક્ષીને અમદાવાદના માલધારી અનસ્ટોપેબલના નેજા હેઠળ શનિવારે સવારે ૧૦ કલાકથી સેકટર-૬માં સત્યાગ્રહ છાવણી ખાતે કેટલાંક માલધારી અગ્રણીઓ દ્વારા આમરણાંત ઉપવાસ પર બેસવા માટે મંજૂરી માંગવામાં આવી હતી. પ્રાપ્ત માહિતી અનુસાર મોડી સાંજ સુધી માલધારીઓને આંદોલન માટે મંજૂરી મળી ના હોવા છતાં તેઓ ઉપવાસ પર બેસવા કટિબદ્ધ છે.

માલધારી અનસ્ટોપેબલ દ્વારા લેખિત અરજી આપીને ગુજરાતના મહાનગરોમાં ગાયોના પ્રશ્ને બાબતે થઈ રહેલા વિવાદના અનુસંધાને મહાનગરમાં વસતા માલધારીઓની સરકાર પાસે વૈકલ્પિક વ્યવસ્થા કરી આપવાની માંગણી સાથે જે માલધારી અગ્રણીઓ દ્વારા આમરણાંત ઉપવાસ પર બેસવાની મંજુરી માંગવામાં આવી છે જેમાં મોટપના દિનેશ દેસાઈ, અમદાવાદના વિરમભાઈ રબારી, ગાંધીનગરના રઘુભાઈ રબારી તથા અમદાવાદના મયુર દેસાઈનો સમાવેશ થાય છે. આ સાથે ગાંધીનગરના માલધારી અગ્રણી રઘુભાઈ રબારી દ્વારા સોશિયલ મીડિયા પર માલધારી સમાજના અગ્રણીઓ તથા યુવાનોને તેમની આ લડતમાં જોડાવા હાકલ કરવામાં આવી છે અને તેમણે રખડતી ગાયો અંગે ગાંધીનગર મનપાએ વધારેલા દંડની રકમ સહિત માલધારીઓ પર કરવામાં આવેલા પોલીસ કેસો તેમજ છીનવી લેવાયેલા ગૌચર પરત માંગવા ઉપરાંત એનિમલ હોસ્ટેલની સુવિધા સહિતની માંગણીઓ બાબતે માલધારી સમાજને એક થઈને લડત આપવા હાકલ કરી છે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર તાલુકાના શિહોલી મોટી ગામે આજે સેવાસેતુનો કાર્યક્રમ યોજાયો હતો.
- અડાલજ જગન્નાથ મંદિર ખાતે સુશાસન દિવસની ઉજવણીના કાર્યક્રમમાં પરિસરમાં ફરતી ઈયળ પર પ્રાંત અધિકારી ભોરણીયાની નજર જતાં તે કોઈના પગમાં આવે તે પહેલાં જ કાગળથી ઉચકી લઈ લોનમાં મુકી દીધી હતી. ત્યાં ઉપસ્થિત સૌએ અધિકારીની અબોલ જીવ પ્રત્યેની સંવેદના જોઈ વાહ બોલી ઉઠ્યા હતા.
- રાજ્ય મુખ્ય સચિવશ્રી પંકજકુમારે આજે પ્રદૂષણ નિયંત્રણને લઈ જિલ્લા - મહાનગરોની સર્વગ્રાહી સમીક્ષા કરી હતી.
- જિલ્લા પંચાયતના ત્રણ નાયબ ચીટનીસને તાલુકા વિકાસ અધિકારી તરીકે બઢતી મળતાં તેમને આજે નવી જગ્યા પર હાજર થવા માટે છુટા કરવામાં આવ્યા છે.
- દહેગામ તાલુકા પંચાયતની આજે ખાસ સામાન્ય સભા યોજાઈ હતી. જેમાં ૧૫મા નાણા પંચની ગ્રાન્ટના આયોજનને લઈ ચર્ચાઓ થઈ હતી.
- જાણીતા પત્રકાર આશિષ વશીની તબિયત નાદુરસ્ત થતાં પહેલાં ગાંધીનગર ખાતે અજો આજે બપોરે અમદાવાદ ખાતે હોસ્પિટલમાં દાખલ કરાયા છે.
- દહેગામની શાળામાં અભ્યાસ કરતી સગીરાની રખિયાલ નજીક સ્કૂલ બસમાં છેડતી થયાની ઘટનાએ ભારે ચર્ચા જગાવી છે.
- દહેગામ તાલુકાના જીવરાજના મુવાડા પ્રાથમિક શાળામાં બાળમેળાનું આયોજન કરાયું હતું.
- ગાંધીનગરમાં આજે સ્વર્ણિમ સંકુલમાં મુલાકાતીઓ ઓછા હતા તેમજ નગરમાં ટ્રાફીકનું ભારણ પણ ઓછું હતું.

## નદી ઉત્સવ કાર્યક્રમમાં કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન

# બીબીએ કોલેજનાં NSS યુનિટના વિદ્યાર્થીઓ ઉત્સાહભેર જોડાયા

ગાંધીનગર

ગાંધીનગરની કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બી.પી. કોલેજ ઓફ બીઝનેસ ઍડમિનીસ્ટ્રેશન (બી.બી.એ)ના

૧૧૬ વિદ્યાર્થીઓ તેમજ રાજયસરકાર ના મંત્રીશ્રી પ્રદીપભાઈ પરમાર તેમજ ઈરિગેશન વિભાગ તરફ થી મકવાણા સાહેબ, ગીર ફાઉન્ડેશન ના અધિકારીશ્રી વિભાબેન, આલાપભાઈ સહિતના મહાનુભાવો ની પ્રેરક ઉપસ્થિતિ માં ઉપરોક્ત કાર્યક્રમ નું આયોજન થયું હતું. તેમજ ઈન્દ્રોડા પાર્ક ના અધિકારીશ્રીઓની પ્રેરક ઉપસ્થિતિમાં કાર્યક્રમની શરૂઆત થઈ હતી. કોલેજ ના આચાર્ય ડો.રમાકાંત પૃષ્ટિ તેમજ ઉપાચાર્ય ડો.જયેશ તન્ના સાહેબ દ્વારા કાર્યક્રમ માં ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓ નું માર્ગદર્શન કરવામાં કર્યું હતું. વિદ્યાર્થીઓએ નદીઓ ને સાફ રાખવી તેમજ નદી માં ગેરકાયદેસર ખનન પ્રવૃતીઓ અટકાવવી જોઈએ જેનાથી પર્યાવરણ ને નુકસાન થતું અટકે તેમજ દેશની ભૌગોલિક પરિસ્થિતી ને જાળવવી નદીઓ નું અનેકવિધ મહત્વ સમજવું તેમજ નદીઓ ને જોડવા માટે જન જાગૃતિ કેળવવી જોઈએ. સવાર ના ખુશનુમા વાતાવરણ માં નેચર વોક કરી પ્રકૃતિ નો આનંદ માણ્યો હતો. તેમજ તજજ્ઞ માર્ગદર્શક અધિકારીશ્રીઓ પાસે થી વિવિધ વનસ્પતિઓ તેમજ તેના ઉપયોગ વિષે તલસ્પર્શી માહિતી મેળવી હતી સાથે સાથે લુપ્ત થઈ રહેલી વન્ય સંપતિઓ ને જાળવવા માટે પ્રતિબદ્ધ થયા હતા. તેમજ વિવિધ જંગલી તેમજ પાલતુ પશુ પંખીઓ જળચર પ્રાણીઓ, વિષે પણ માહિતી મેળવી હતી અને લુપ્ત પ્રજાતિ ઓ બાબતે પણ ખૂબ સુંદર માર્ગદર્શન મેળવ્યું હતું.સાથે સાથે ''આવો પ્લાસ્ટિક સહિત ના પ્રદુષણ ને હંફાવીએ'' સૂત્ર પર કાર્યક્રમનું આયોજન થયું હતું. જેમાં વિદ્યાર્થીઓ તેમજ વિદ્યાર્થીઓ એ વિશ્વ ના કથળેલા પર્યાવરણ તેમજ ઓઝોન લેયરમાં પડી રહેલા ગાબડા વિષે અને તેનાથી પર્યાવરણ માં થઈ રહેલા જોખમો બાબતે માહિતી મેળવી હતી. જળપ્રદુષણ તેમજ વાયુ પ્રદુષણ પ્લાસ્ટિકના દુરુપયોગ ના કારણે વધી રહ્યું છે. આથી પ્લાસ્ટિક ના ઉપયોગ દુનિયાના અનેક દેશોમાં પ્રતિબંધિત કરવામાં આવ્યો છે. જે મુજબ આપણે પણ પ્લાસ્ટિક નો ઉપયોગ બંધ કરી પ્રદુષણ અટકાવવા યથા યોગ્ય પ્રયત્ન કરવા જોઈએ.શાળા-કોલેજ માં તેમજ જાહેરસ્થળ પર લોકોને જાગૃત કરવા અભિયાન ચલાવવું જોઈએ. ત્યારબાદ અધિકારીશ્રીઓ દ્વારા ઘટતા જતા વનવિસ્તાર બાબતે ચિંતા વ્યક્ત કરી હતી તેમજ વિદ્યાર્થીઓ ને વૃક્ષારોપણ માટે પ્રેરિત કર્યા હતા.અને સંત સરોવર વિસ્તાર માં વિદ્યાર્થીઓએ વૃક્ષારોપણ કર્યુ હતું.

સમગ્ર કાર્યક્રમનું સફળતાપૂર્વક આયોજન કોલેજ નાં આચાર્ય ડો. રમાકાંત પૃષ્ટિ ના માર્ગદર્શન હેઠળ ઉપાચાર્ય ડો.જયેશ તન્ના,ડો.આશિષ ભુવા, ધર્મેન્દ્રસિંહ રાઠોડ દ્વારા સફળતા પૂર્વક સંપન્ન કરવામાં આવ્યું હતું.

## સુશાસન સપ્તાહ અંતર્ગત વત્સલ ભાવસારને સન્માનિત કરાયા

ગુજરાત રાજય સુશાસન સપ્તાહ અમદાવાદમાં દિનદયાળ ઓડીટોરીયમ હોલમાં આયોજિત કાર્યક્રમમાં વત્સલ ભાવસારને રોજગાર જોબ મેળામાં મળેલ જોબ માટે ભુપેન્દ્રસિંહ ચુડાસમાના હસ્તે અને મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ ચુડાસમાના હસ્તે અને મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં પ્રશસ્તિ પત્ર આપવામાં આવ્યો હતો અને તેમનું સન્માન કરવામાં આવ્યું હતું.

# કામધેનુ વિશ્વવિદ્યાલયના કુલપતિ ડૉ એન.એચ.કેલાવાલા અને ડૉ સી.એમ.સિંહ જન્મ શતાબ્દી સન્માનથી સન્માનિત થયા

ડૉ સી. એમ. સિંહ ભારતીય પશુચિકિત્સા વિજ્ઞાનના ભીષ્મ-પિતામહ તરીકે ઓળખાય છે. તેઓ એક કુશળ વહીવટકર્તા, ખ્યાતનામ વૈજ્ઞાનિક, દીર્ઘદ્રષ્ટા હતા. તેઓના પ્રયત્નોથી વૈજ્ઞાનિકો, વિદ્યાર્થીઓ અને પશુચિકિત્સા સાથે સંકળાયેલ વ્યક્તિઓને પશુ ચિકિત્સા વિજ્ઞાનમાં રોજ-બરોજ થતા સંશોધન અને આધુનિકતાથી માહિતગાર રાખવાના ઉદ્દેશથી ઉત્તરપ્રદેશના બરેલી ખાતે ડૉ સી.એમ.સિંહ એન્ડોમેન્ટ ટ્રસ્ટની સ્થાપના થયેલ છે. આ વર્ષ ૩૦-૧૧-૨૦૨૧ થી ૩૦-૧૧-૨૦૨૨ ડૉ સી. એમ. સિંહ જન્મ શતાબ્દી વર્ષ તરીકે ઉજવવામાં આવી રહ્યું છે. તે અંતર્ગત ભારતની વિવિધ પશુચિકિત્સા સંસ્થાઓ અને ડૉ. સી.એમ.સિંહ એન્ડોમેન્ટ ટ્રસ્ટ, બરેલીના સંયુક્ત ઉપક્રમે ભારતના સ્વતંત્રતાના અમૃત મહોત્સવની સાથે સાથે રાષ્ટ્રીય વેબિનારનું પણ આયોજન કરવામાં આવેલ. તેના ભાગરૂપે આ શ્રેણીનો બીજો વેબિનાર પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, કામધેનુ યુનિવર્સિટી, સરદારકૃષિનગર, દાંતીવાડા ખાતે યોજાયો. જેમાં ભારતમાંથી પશુચિકિત્સા વિજ્ઞાન સાથે સંકળાયેલ વૈજ્ઞાનિકો, વિદ્યાર્થીઓ, ડૉ સી.એમ.સિંહ એન્ડોમેન્ટ ટ્રસ્ટના હોદ્દેદારો, ડૉ સી.એમ.સિંહના કુટુંબીજનો, વગેરેએ બહોળી સંખ્યામાં ભાગ લીધો. આ વેબિનારમાં વિવિધ વ્યાખ્યાતાઓએ પોતાના વિચારો રજુ કર્યા .

જેમાના એક નિષ્ણાત વ્યાખ્યાતા તરીકે કામધેનુ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરના કુલપતિ શ્રી ડૉ એન. એચ. કેલાવાલા દ્વારા ''ભારતમાં થયેલ શ્વેત ક્રાંતિ'' વિષય ઉપર વ્યાખ્યાન રજુ કર્યું. આ પ્રસંગે ડૉ એન. એચ. કેલાવાલા દ્વારા પશુચિકિત્સા ક્ષેત્રે એક વેટરનરી સર્જન, શૈક્ષણિક અને વહીવટી ક્ષેત્રે આપેલ યોગદાન માટે ડૉ સી.એમ.સિંહ એન્ડોમનેટ ટ્રસ્ટ દ્વારા ડૉ એન.એચ.કેલાવાલાને ડૉ સી.એમ. સિંહ જન્મ શતાબ્દી સન્માન-૨૦૨૧'' થી સન્માનિત કરવામાં આવ્યા.

## પ્રાથમિક શિક્ષકોની બદલીના નિયમો વાઈરલ કરનાર સામે પોલીસ ફરિયાદ

રાજ્યમાં પ્રાથમિક શિક્ષકોની બદલી અંગેના નિયમો સોશ્યિલ મિડીયા પર વાઈરલ કરીને શિક્ષકોને સમગ્ર ઘટનામાં શિક્ષણ વિભાગ દ્વારા મદદનિશ નિયામક પી.એ. પટેલને અધિકૃત કરવામાં આવ્યાં છે જેમણે શહેરના સેક્ટર-૭ પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવી છે. ૨૯મી ડિસેમ્બરના રોજ કેટલીક વ્યક્તિઓ દ્વારા પ્રાથમિક શિક્ષકોની બદલી અંગેના નિયમો વ્હોટસેપ પર વાઈરલ કરીને શિક્ષકોને ગેરમાર્ગે દોરવા પ્રયાસ કર્યો હતો. શિક્ષણ વિભાગ દ્વારા આ બાબતને ગંભીરતાથી લેવામાં આવી છે અને આ કૃત્ય કરનારા વ્યક્તિઓ સામે શિક્ષણ વિભાગ દ્વારા મદદનિશ નિયામક પી.એ. પટેલના માધ્યમથી ગાંધીનગરના સેક્ટર-૭ પોલીસ મથકે આજે ફરિયાદ દાખલ કરવામાં આવી છે. આ ફરિયાદના આધારે વિભાગ દ્વારા આ વ્યક્તિઓ વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવા જણાવ્યું છે.

## કોલવડા ખાતે લોકડાયરાનું આયોજન

ગાંધીનગર, તા.૩૧

કોલવડા ગામે આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત લોક ડાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાત રાજય સંગીત નાટક અકાદમી ગાંધીનગર તથા આર બી મ્યુઝીકલ ગ્રુપ ગાંધીનગરના સંયુકત ઉપક્રમે આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી નિમિત્તે લોકડાયરાનું આયોજન કર્યું હતું.

આ પ્રસંગે કાર્યક્રમના અતિથિ વિશેષ મુખ્ય મહેમાન ઘનશ્યામસિંહ વાઘેલા તથા ગ્રામજનોના હસ્તે દીપ પ્રાગય કરી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. જેમાં ગ્રામજનો અને નગરજનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આજે રાજ્ય સરકારનું વર્ષ ૨૦૨૨નું કેલેન્ડર લોકાર્પિત કર્યું હતું આ પ્રસંગે ગૃહ રાજ્યમંત્રીશ્રી હર્ષ સંઘવી, મુખ્ય સચિવ શ્રી પંકજકુમાર, મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવ શ્રી પંકજ જોષી, મુખ્યમંત્રીશ્રીના સચિવ શ્રીમતી અવંતિકાસિંઘ, ડીજીપીએસ વી એમ રાઠોડ, વરિષ્ઠ માહિતી અધિકારી શ્રી અરવિંદભાઈ પટેલ, શ્રી પુલકભાઈ ત્રિવેદી વગેરે હાજર રહ્યા હતા

# મનપાનો મિલકત ટ્રાન્સફર ફી લેવાનો નિર્ણય પરત ખેંચવા વસાહત મહાસંઘની માંગ

## કોર્પોરેટરોની ગ્રાન્ટમાંથી બિનજરૂરી ચીજવસ્તુઓ ખરીદવાના બદલે શહેરના વિકાસમાં ગ્રાન્ટ વાપરવા સૂચન

ગાંધીનગર તા.૩૧

ગાંધીનગર મહાનગર પાલિકાની તાજેતરમાં મળેલ સ્થાયી સમિતિની બેઠકમાં મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ગાંધીનગર શહેરના નાગરિકો પાસેથી મિલકત ટાન્સફર ફી વસુલ કરવા માટે તઘલખી નિર્ણય લેવામાં આવ્યો છે જેનો ગાંધીનગર શહેરના નાગરિકો દ્વારા સખત વિરોધ કરવા ઉપરાંત નાગરિકોમાં આકોશ વ્યાપેલો છે તેવું જણાવતાં વસાહત મહાસંઘના પ્રમુખ કેશરીસિંહ બિહોલાએ નિર્ણયને પુનઃ વિચારણા કરી પાછો ખેંચવા માંગ કરી છે.

તેમના જણાવ્યાં અનુસાર મિલકત ટ્રાન્સફર વંશપરંપરાગત થતી હોય તે વેચાણ થતી નથી અને જયારે મિલકત વેચાણથી ટ્રાન્સફર થાય ત્યારે રાજય સરકાર દ્વારા સ્ટેમ્પ ડયૂટી વસુલ કરવામાં આવે છે અને મિલકત વેરો પણ લેવામાં આવે છે આ રીતે બમણો ટેક્ષ કે ફી લેવા માટે ચલાવી ન લેવાય, જેનો શહેરના નાગરિકો સખત વિરોધ કરે છે, જે પુનઃ વિચારણા કરી પાછો ખેંચવા શહેરના નાગરિકોની લાગણી અને માગણી છે.

આ સાથે તેમણે આક્ષેપ કર્યો છે કે શહેરના નાગરિકો પાસેથી મિલકત વેરો સફાઇ વેરો તથા અન્ય ટેક્ષનું ઉઘરાણું કરવામાં આવે છે પરંતુ તેની સામે નાગરિકોને સુખ સુવિધા મળતી નથી અને લાખો કરોડો રૂપિયા મિલકત વેરા ઉઘરાવી ભ્રષ્ટાચાર આચરવામાં આવે છે જેની તપાસ પણ થતી નથી તેમજ કોર્પોરેટરો તેઓની ગ્રાન્ટમાંથી શહેરના વિકાસ માટે નહિં પણ તેઓના લાગતા વળગતા વ્યક્તિઓને સાચવવા માટે શહેરના નાગરિકોને ઉપયોગી નહીં તેવી ચીજવસ્તુઓ જેમકે ખુરશીઓ, તિજોરી, સાઉન્ડ સિસ્ટમ, પંખા, ટ્રી-ગાર્ડ વગેરે ખરીદવા માટે ગ્રાન્ટમાં વધારો કરવામાં આવ્યો છે.

જયારે આ ચીજવસ્તુઓનું ફકત ધાર્મિક સ્થળોએ વિતરણ કરવામાં આવે છે જે વસાહતીઓ માટે ઉપયોગી નથી અને ભુતકાળના દાખલા છે ઘણી ખુરશીઓ વિતરણ કર્યા વગર પોતાના ખાનગી ગોડાઉનમાં ધુળ ખાય છે જેના મિડિયામાં ફોટા સહિત જાહેર થયું છે પરંતુ તેની મનપા તંત્ર દ્વારા તપાસ કરવામાં આવી કે નહીં તે પ્રશ્ન હજુ ઉભો છે. માત્ર શહેરના વિકાસ અને કાયદેસર જગ્યાએ ચીજવસ્તુઓનું વિતરણ કરવામાં આવે તેવી રીતે આયોજન કરવામાં આવે તેવો નાગરિકોનો આગ્રહ છે. આ સાથે તેમણે નાગરિકોને ઉપયોગી ડસ્ટબીનની મેયરની ગ્રાન્ટમાંથી ખરીદી કરી આપવાના નિર્ણયને આવકારી મેયરનો આભાર માન્યો છે.

# રવિવારે બલરામ મંદિરે જાન્યુઆરી માસની પુસ્તક પરબ યોજાશે

ગાંધીનગરમાં છેલ્લાં સાત વર્ષથી ચાલતી પુસ્તક પરબ દર મહિનાના પ્રથમ રવિવારે યોજવામાં આવે છે. નવા કેલેન્ડર વર્ષની પ્રથમ પુસ્તક પરબ સેકટર-૧૨માં ઉમિયા મંદિર પાસેના બલરામ મંદિર ખાતે તા. ૨૩ જાન્યુઆરી રવિવારના રોજ સવારે ૭.૩૦ થી ૯.૩૦ વાગ્યા દરમ્યાન યોજાશે. આ પરબ સોશિયલ ડિસ્ટન્સના નિયમોની કાળજી સાથે યોજાશે. મુલાકાતીઓએ માસ્ક પહેરીને આવવું રહેશે. પરબ પાસે ઉપલબ્ધ પુસ્તકો - સામયિકો પૈકી મુલાકાતીઓ બે પુસ્તક - સામયિક વાંચવા લઈ જઈ શકશે.

પુસ્તક પરબ માટે શિષ્ટ સાહિત્યના પુસ્તકો ભેટ સ્વરૂપે સ્વીકારવામાં આવે છે. ધાર્મિક, વિવિધ સંપ્રદાયની પુસ્તિકાઓ, ધાર્મિક સામયિકો પરબ માટે સ્વીકારવામાં આવશે નહીં, જેની નોંધ લેવા ખાસ જણાવાયું છે. સાહિત્યિક સામયિકો, એ પણ છેલ્લાં બે - ત્રણ વર્ષના હશે તો સ્વીકારવામાં આવશે તેવું આયોજકો દ્વારા જણવાયું છે. માતૃભાષા અભિયાનના ઉપક્રમે અને આત્મન ફાઉન્ડેશનના સહયોગથી પુસ્તક પરબ ટીમના મિત્રો દ્વારા ગાંધીનગરમાં આ પ્રવૃત્તિ ચલાવવામાં આવે છે. પુસ્તકપ્રેમી વડીલો, વિદ્યાર્થીઓ, બહેનો, ભાવકોને પુસ્તક પરબનો લાભ લેવા આત્મન સંસ્થા દ્વારા જાહેર વિનંતી કરવામાં આવી છે.

## કોબા ગામ ખાતે તાલુકા કક્ષાની પશુપાલન શિબિર

ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ કોબા ગામ ખાતે આજે તાલુકા કક્ષાની પશુપાલન શિબિરનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં ઓછા ખર્ચે પશુપાલન અને પશુપાલનની આધુનિક પદ્ધતિઓ અંગે વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી. આ શિબિરમાં ૩૫૦ થી વધુ પશુપાલકોએ હાજરી આપી હતી. આ શિબિરમાં મનપાના ભાજપના દંડક તેજલબેન નાયી, પૂર્વ સરપંચ યોગેશભાઈ નાયી, ડૉ. ડી.એસ. પટેલ, ડૉ. એસ.આઈ. પટેલ, ડૉ. કે.જી. ત્રિવેદી, ડૉ. આર.વી. પ્રજાપતિ, કબીર આશ્રમના પ્રભુ મહારાજ, રાયસણ ગામના પૂર્વ સરપંચ યોગેશભાઈ પટેલ સહિતના આગેવાનો હાજર રહ્યા હતા.

## આરાધના પ્રાથમિક શાળામાં નાતાલની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા.૩૧

આરાધના વિદ્યાવિહાર પ્રાથમિક શાળામાં નાતાલ પર્વની વિશેષ ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ધોરણ ૧ થી પના બાળકો તથા વર્ગશિક્ષક બહેનોએ સાથે મળી ક્રિમસ ડેની ઉજવણી કરી હતી. લાઈટીંગ દ્વારા ક્રિસમસ ટ્રીને સુંદર શણગાર આપી આકર્ષક બનાવવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ શાંતાકલોઝ સાથે મન ભરીને ડાન્સ કર્યો હતો. પ્રાથમિક વિભાગની શિક્ષિકા બહેનો શીતલબહેન અસોડા, પ્રેરણાબેન ચૌહાણ તથા સમસ્ત સ્ટાફના સહકારથી કાર્યક્રમને સફળતાપૂર્વક ઉજવ્યો હતો.

આ સંસ્થાના ચેરમેન આર.એ. પટેલ તથા પ્રાથમિક શાળાના આચાર્ય વી.કે. પટેલ દ્વારા વિદ્યાર્થીઓને ઈનામ આપી પ્રોત્સાહિત કર્યા હતા.

ગાંધીનગર જિલ્લાના બાળ ખેલાડીઓ વિવિધ રમતોમાં રાષ્ટ્રીય કક્ષાએ પદાર્પણ કરી રહ્યા છે. અત્યારે ઉત્તરાખંડ ખાતે ચાલી રહેલી ૩૧મી સબ જુનિયર નેશનલ કબડ્ડી ચેમ્પિયનશીપ ૨૦૨૧માં ગાંધીનગર ખાતેથી બે ઉત્કૃષ્ઠ ખેલાડીઓ ઉત્સવ સોલંકી અને ફિઝા શેખ અનુક્રમે બોયઝ અને ગર્લ્સ કેટેગરીમાં ભાગ લઈ રહ્યા છે. જેઓ ગાંધીનગર જિલ્લા કબડ્ડી એસોસિએશન સાથે સંલગ્ન હોવા સાથે રાજયનું પ્રતિનિધિત્વ કરી રહ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે તા.૨૬મી ડિસેમ્બરથી પ્રારંભ થયેલી આ ટૂર્નામેન્ટનું તા. ૩૧મી ડિસેમ્બરે સમાપન થશે.

**ગુજરાત જળ સંપતિ વિકાસ નિગમ લિ.**
સેક્ટર-૧૦/એ, ગાંધીનગર-૩૮૨૦૧૦

**નોટીસ નંબર -૧૭/૨૦૨૧-૨૨**

કા.ઈ.(સી) યુનીટ-૨ (સુજલામ-સુફલામ), રજો માળ, સ્ટેટ વોટર ડેટા સેન્ટર, માર્ગ નં.-૨, જળ શક્તિ માર્ગ, સેક્ટર નં. ૮, ગાંધીનગર દ્વારા મહીસાગર જીલ્લામાં ઉદવહન સિંચાઈ યોજનાઓના સિવિલ કામ માટે તથા ૫ (પાંચ) વર્ષ માટે મરામત અને નિભાવણીના જુદા જુદા કામો માટેના ઓનલાઈન ટેન્ડરમાં ભાગ લેવા રસ ધરાવતી એજન્સીઓએ વિગતવાર ટેન્ડર / નોટીસ www.gwrdc.nprocure.com વેબસાઈટ ઉપરથી વિનામૂલ્યે ડાઉનલોડ કરી શકશે.

**કામોની અંદાજીત કિંમતરૂ. ૪૦.૭૩ લાખથી ૬૮.૯૨ લાખ સુધીના**

- **ટેન્ડર બીડ અપલોડ શરૂ કરવાની તા. ૩૧/૧૨/૨૦૨૧**
- **ટેન્ડર બીડ ડાઉનલોડ કરવાની છેલ્લી તા. ૧૫/૧/૨૦૨૨, ૧૮ કલાક સુધી**
- **ટેન્ડર ફી, ઈએમડી (એફડીઆર / ડીડી), તથા અન્ય ડોકયુમેન્ટ રજી.પો.એ.ડી./ સ્પીડ પોસ્ટ મારફતે પહોંચાડવાની તારીક અને સમય : તા. ૧૫/૧/૨૦૨ થી તા. ૨૧/૧/૨૦૨૨, ૧૮.૦૦ કલાક સુધી.**
- **ટેકનીકલ બીડ ખોલવાની તારીખ અને સમય : તા. ૨૫/૧/૨૦૨૨, ૧૫.૦૦ કલાકે**
- **પાઈઝ બીડ ખોલવાની તારીક અને સમય : તા. ૨૫/૧/૨૦૨૨, ૧૬.૦૦ કલાકે**

વધુ વિગતો નિગમ / સરકારશ્રીની વેબસાઈટ www.gwrdc.gujarat.gov.in અથવા www.statetenders.guj.gov.in મારફતે જોઈ શકાશે. ફક્ત ઓનલાઈન ટેન્ડર સ્વીકારવામાં આવશે.

માહિતી/૧૮૫૨/૨૧-૨૨